## સંક્ષિપ્ત સમાચાર

### મુજપુરમાં CSR સહયોગથી નવી આંગણવાડીનું લોકાર્પણ, બાળકોને મળશે આધુનિક સુવિધાઓ



**પાદરા** : પાદરા વિધાનસભા વિસ્તારના મુજપુર (દરિયાપુરા) ગામમાં ગુલબ્રાસન કંપનીના CSR (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) સહયોગથી નિર્માણ પામેલી મુજપુર (દરિયાપુરા)-6 આંગણવાડીનું લોકાર્પણ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, વિવિધ સંગઠનોના હોદ્દેદારો, ગ્રામ્ય આગેવાનો, કંપનીના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, નવી આંગણવાડી શરૂ થતાં ગામના નાનાં ભૂલકાઓને સુરક્ષિત, સ્વચ્છ અને આધુનિક વાતાવરણમાં પૂર્વ-પ્રાથમિક શિક્ષણ મળી શકશે.

### બોડેલી કોર્ટ પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો: મેજિસ્ટ્રેટ અને વકીલોએ ગુજરાત ગ્રીન અભિયાન હેઠળ વૃક્ષો રોપ્યા



**બોડેલી** : બોડેલી કોર્ટ પરિસરમાં પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં મેજિસ્ટ્રેટ અને વકીલ મિત્રોએ વૃક્ષો વાવીને પર્યાવરણ જાળવણીનો સંકલ્પ લીધો હતો. બોડેલીમાં પર્યાવરણ સંરક્ષણનો મહત્વનો સંદેશ આપતો એક સુંદર કાર્યક્રમ યોજાયો હતો બોડેલી કોર્ટ પરિસરમાં યોજાયેલા કાર્યક્રમમા મેજિસ્ટ્રેટ તેમજ વકીલ મિત્રોએ વૃક્ષારોપણ કર્યું હતું. ગુજરાત ગ્રીન - બોડેલી ગ્રીન અભિયાન હેઠળ બોડેલી કોર્ટ પરિસરમાં સદભાવના ટ્રસ્ટ અને પર્યાવરણ પ્રેમીઓના સહયોગથી વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ન્યાયતંત્ર, વકીલ મિત્રો અને સામાજિક સંસ્થાઓએ સાથે મળીને હરિયાળું ભવિષ્ય નિર્માણનો સંકલ્પ વ્યક્ત કર્યો. વૃક્ષો માત્ર પર્યાવરણનું જ નહીં પરંતુ માનવ જીવનનું પણ મહત્વપૂર્ણ અંગ છે. વધતા પ્રદૂષણ અને ઘટતા હરિયાળા વિસ્તારને ધ્યાનમાં રાખીને ગુજરાત ગ્રીન - બોડેલી ગ્રીન અભિયાન અંતર્ગત બોડેલી કોર્ટ પરિસરમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

### લોકશાહીના પાઠ: કરજણની પ્રાથમિક શાળામાં બાળ સંસદની ચૂંટણી



**કરજણ** : લોકશાહીનો પર્વ એટલે ચૂંટણી, જ્યાં નાગરિકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને યોગ્ય ઉમેદવારોને સત્તાના શિખરે બિરાજમાન કરે છે, જેઓ દેશ અને તેના લોકોના હિત માટે કાર્ય કરે છે. આ જ લોકશાહી પ્રક્રિયાની ઊંડી સમજણ વિદ્યાર્થીઓમાં કેળવાય અને તેઓ આ પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લઈ શકે તેવા ઉમદા હેતુ સાથે, કરજણના નવાબજાર વિસ્તારમાં આવેલી પી.એમ. શ્રી જલારામ પ્રાથમિક શાળામાં તાજેતરમાં બાળ સંસદની ચૂંટણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલ દ્વારા, શાળાએ વિદ્યાર્થીઓને ચૂંટણી પ્રક્રિયાના દરેક પાસાથી પરિચિત કરાવવાનો પ્રયાસ કર્યો. જાહેરનામા બહાર પાડવાથી માંડીને ઉમેદવારી પત્રો ભરવા, તેમની ચકાસણી કરવી, અને પ્રચાર (કેમ્પેઈનિંગ) જેવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ દ્વારા જ કરાવવામાં આવી હતી. આનાથી તેમને વાસ્તવિક ચૂંટણી પ્રક્રિયાનો જીવંત અનુભવ મળ્યો.

### સાવલીમાં ABVPના ૭૮મા સ્થાપના દિવસની ઉજવણી, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન



**સાવલી** : આજરોજ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ના 78 દિન ની ઉજવણી નિમિત્તે રાષ્ટ્રીય વિદ્યાર્થી દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. આ પ્રસંગે પ્રતિભા સન્માન સમારોહ યોજાયો હતો જેમાં ધોરણ 10 અને 12ના પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામા આવ્યું હતું સાથે સાથે સાવલી નગરની નવી કારોબારીની ઘોષણા કરવામાં આવી હતી જેમાં અંકુરભાઇ પાઠક નગર અધ્યક્ષ તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી અને ધ્રુવભાઇ પારેખ નગર મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા આ સમારોહ માં વિદ્યાર્થીઓના શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શનને બિરદાવવામા આવ્યા હતા અને બુકે તેમ જ મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભાવિ માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

#### લણણીના આરે પહોંચેલો કેળનો પાક પળવારમાં બરબાદ

## મિની વાવાઝોડાએ કેળ ઉત્પાદકોને રડાવ્યા

**માલસર-માંડવા** વિસ્તારમાં ૪૦૦ વીંઘા સુધીનો પાક જમીનદોસ્ત, ૧૦૦થી વધુ ખેડૂતોને કરોડોનું નુકસાન



(પ્રતિનિધિ) શિનોર, તા.11

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના માલસર-માંડવા વિસ્તારમાં ત્રણ દિવસ અગાઉ વરસાદ સાથે આવેલા ભારે પવન અને મિની વાવાઝોડા જેવી પરિસ્થિતિએ બાગાયતી ખેડૂતોની કમર તોડી નાખી છે. ભારે પવનના કારણે અંદાજે 300 થી 400 વીંઘામાં ઉભેલો કેળનો પાક જમીનદોસ્ત થઈ ગયો છે. આ કુદરતી આફતથી આશરે 100 જેટલા ખેડૂતોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

મહિનાઓની મહેનત બાદ લણણી માટે તૈયાર થયેલો કેળનો પાક પવનમાં ધરાશાયી થતાં ખેડૂતોની તમામ આશાઓ પર પાણી ફરી વળ્યું છે. હાલ જમીન પર પડી ગયેલા કેળના પાકની ખરીદી કરવા વેપારીઓ પણ તૈયાર નથી. પરિણામે ખેડૂતો સામે પાક ખેતરમાંથી બહાર કાઢવાનો ખર્ચ પણ ઉપાડવો મુશ્કેલ બની ગયો છે.

નુકસાનગ્રસ્ત ખેડૂતો દ્વારા ગ્રામ પંચાયત તેમજ બાગાયત વિભાગ સમક્ષ તાત્કાલિક નુકસાનનો સર્વે હાથ ધરી યોગ્ય વળતર ચૂકવવાની માંગ કરવામાં આવી છે. નર્મદા કિનારાના બાગાયતી ખેડૂતો કુદરતી આફતના કારણે ભારે સંકટમાં મુકાયા હોવાથી રાજ્ય સરકાર વહેલી તકે સહાય જાહેર કરે તેવી માંગ પ્રબળ બની છે.

## મહુવડ ચોકડી પાસે ટ્રકે બાઈકને અડફેટે લેતા ખેડૂતનો પગ કપાઈ ગયો

**પત્નીને** સારવાર કરાવી ઘરે પરત ફરતા સમયે સર્જાયો ગંભીર અકસ્માત, ડાબા પગમાં પણ ફ્રેક્ચર

(પ્રતિનિધિ) પાદરા, તા. 11

પાદરા તાલુકાના મહુવડ ચોકડી પાસે શુક્રવારે સવારે થયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં મુજપુર ગામના ખેડૂત ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતમાં તેમનો જમણો પગ ઢીંચણથી નીચેના ભાગેથી કપાઈ ગયો હતો, જ્યારે ડાબા પગમાં પણ ફ્રેક્ચર થયું છે. બનાવ અંગે વડુ પોલીસે ટ્રકચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, મુજપુર આથમણાપુરાના રહેવાસી ત્રિકમભાઈ ઉદેસંગ પઢિયાર (ઉં.વ. 61) તેમની પત્ની મધુબેનને સારવાર માટે મહુવડ દવાખાને લઈ ગયા હતા. સારવાર પૂર્ણ કર્યા બાદ તેઓ પોતાની હીરો પેશન પલ્સ પર ઘરે પરત ફરી રહ્યા હતા. સવારે મહુવડ ચોકડી પાસે રસ્તો ક્રોસ કરતા સમયે ટ્રક ના ચાલક વિજયકુમાર ખીચડુ પાલ (રહે. પરોરા, નારાયણપુર, મિર્ઝાપુર, ઉત્તર પ્રદેશ)એ બેફામ અને ગફલતભરી રીતે ટ્રક હંકારી બાઈકને આગળથી જોરદાર ટક્કર મારી હતી.અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈકચાલક ત્રિકમભાઈનો જમણો પગ ઢીંચણથી નીચેના ભાગેથી કપાઈ ગયો હતો.

#### જોઇન્ટ તૂટતાં પાણીના પ્રવાહને રોકવા કામચલાઉ લોખંડના પાટિયા મૂકાયા

## બોડેલી નજીક નર્મદા કેનાલના ૪૮ નંબરના ગેટમાં ગંભીર ખામી, જોઈન્ટ તૂટતાં ચિંતા વધી

(પ્રતિનિધિ) બોડેલી, તા.11

બોડેલી તાલુકાના અલ્હાદપુરા ગામ નજીક આવેલી મુખ્ય નર્મદા કેનાલના 48 નંબરના ગેટ પર ગંભીર ટેકનિકલ ખામી સર્જાતા ચિંતાનો માહોલ ઉભો થયો છે. છ ગેટ પૈકી એક ગેટનો જોઈન્ટ તૂટી જતાં પાણીના જોરદાર પ્રવાહને નિયંત્રિત કરવા માટે તાત્કાલિક ધોરણે લોખંડના પાટિયા મૂકવાની ફરજ પડી હતી. જોકે પાણીના ભારે દબાણને કારણે આ લોખંડનો ગેટ પણ વળી (બેન્ડ) ગયો હોવાનું સામે આવ્યું છે.



આ ઘટનાને પગલે હવે ગેટનું કાયમી સમારકામ ક્યારે હાથ ધરાશે તે અંગે સવાલો ઊભા થયા છે. જો રિપેરિંગ માટે મુખ્ય નર્મદા કેનાલનો પાણી પ્રવાહ બંધ કરવાની જરૂર પડશે તો વણીયાદ્રી ફિલ્ટર પાણી યોજના સુધી નર્મદાનું પાણી પહોંચવામાં વિક્ષેપ આવી શકે છે. તેના પરિણામે વણીયાદ્રી યોજના હેઠળ આવતા અનેક ગામોમાં ફિલ્ટર પાણીનો પુરવઠો ખોરવાઈ શકે છે. ઉપરાંત બોડેલી નગરપાલિકાનો પીવાના પાણીનો પુરવઠો પણ આ જ યોજના પર આધારિત હોવાથી શહેરમાં પણ પાણીની અછત સર્જાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિક લોકોએ સંબંધિત વિભાગને તાત્કાલિક ગેટનું નિરીક્ષણ કરી કાયમી સમારકામ હાથ ધરવાની માંગ કરી છે. સાથે જ રિપેરિંગ દરમિયાન પીવાના પાણીના પુરવઠાને અસર ન થાય તે માટે અગાઉથી વૈકલ્પિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવે તેવી પણ રજૂઆત કરી છે.

## ક્વાંટના જનસંવાદમાં પ્રજાની પાંખી હાજરી, રસ્તા-પાણીથી લઈ ગટર સુધીના પ્રશ્નો ગુંજ્યા

**રસ્તા**, પાણી, ભૂગર્ભ ગટર, અટલ હોલ અને વિધવા પેન્શન સહિતના પ્રશ્નો ઉઠ્યા

(પ્રતિનિધિ) ક્વાંટ, તા.11

ક્વાંટ કોમ્યુનિટી હોલ ખાતે મામલતદાર વી.આર. પરમારના અધ્યક્ષસ્થાને જનસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. લોકોની સમસ્યાઓ સાંભળવા માટે આયોજિત આ કાર્યક્રમમાં પ્રજાની હાજરી અત્યંત ઓછી જોવા મળી હતી. કાર્યક્રમમાં ક્વાંટના સરપંચ, ઉપસરપંચ, બે સભ્યો, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો, તલાટી-



કમ-મંત્રી વિઠ્ઠલભાઈ રાઠવા, પંચાયતનો સ્ટાફ તેમજ આશરે 10થી 12 નાગરિકો હાજર રહ્યા હતા. જનસંવાદ દરમિયાન ક્વાંટ નગરના રસ્તા, પીવાના પાણી, ભૂગર્ભ ગટર, રખડતા ઢોર, પરચુરણની અછત અને અટલ હોલના નિર્માણ સહિતના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા. વિધવા પેન્શન બંધ થઈ જતાં ચારથી પાંચ મહિલાઓએ પણ પોતાની રજૂઆત કરી હતી.

જિલ્લા પંચાયતના સભ્ય યશવંતભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે ક્વાંટમાં આશરે 8 કરોડના ખર્ચે બનેલી ભૂગર્ભ ગટર વ્યવસ્થા અસરકારક રીતે કાર્યરત નથી. તેની જાળવણી માટે જેટિંગ મશીન ફાળવવાની માંગ કરવામાં આવી.તાલુકા પંચાયતના સભ્ય કલ્પેશભાઈ ચૌહાણે જણાવ્યું કે સરકાર દ્વારા 45 લાખના ખર્ચે અટલ હોલને મંજૂરી આપવામાં આવી છે, પરંતુ જગ્યાના અભાવે તેનું નિર્માણ થઈ શક્યું નથી. ખોડીયાર મંદિરથી રામદેવપીર મંદિર સુધી પંચાયતની જમીન પરથી દબાણ દૂર કરવામાં આવે તો ત્યાં હોલનું નિર્માણ શક્ય બનશે.

### ભૂસ્ખલનથી રાજકોટ ડિવિઝનની 9 ટ્રેનોના રૂટ ડાયવર્ટ

અમદાવાદ : દક્ષિણ પૂર્વ રેલવેના બિલાસપુર ડિવિઝનમાં ઠાકુરવાડી-મંકી હિલ રેલવે સ્ટેશનો વચ્ચે થયેલા ભૂસ્ખલનને કારણે પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન હેઠળ દોડતી અનેક ટ્રેનોના રૂટમાં તાત્કાલિક ફેરફાર કરવામાં આવ્યો છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાના જણાવ્યા પ્રમાણે કુલ નવ ટ્રેનોને વૈકલ્પિક રૂટ પરથી દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ટ્રેન નંબર 22718 સિકંદરાબાદ-રાજકોટ એક્સપ્રેસ (13 અને 14 જુલાઈ), ટ્રેન નંબર 20967 સિકંદરાબાદ-પોરબંદર એક્સપ્રેસ (15 જુલાઈ), ટ્રેન નંબર 16614 કોઈમ્બતુર-રાજકોટ એક્સપ્રેસ (10 જુલાઈ) દૌંડ-મનમાડ-જલગાંવ-પાલધી-સુરત રૂટ પરથી દોડશે.

#### ગ્રામજનોએ વન વિભાગ પાસે પાંજરું ગોઠવવાની માંગ


## સાવલીના ભવાનીપુરા ગામે દીપડાનો વીડિયો વાયરલ થતાં ગ્રામજનોમાં ફફડાટ

**સ્થાનિક** આગેવાનોની અપીલ - એકલદોકલ ખેતરમાં ન જવું, સાવચેતી રાખવી

(પ્રતિનિધિ) સાવલી, તા.11

સાવલી તાલુકાના ભવાનીપુરા ગામના કોતર વિસ્તારમાં દીપડા નો વિડિઓ સોશિયલ મીડિયા માં વાયરલ થતા પંથકવાસીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે અને વહેલી તકે પાંજરે પુરવા ની માંગ ઉઠી છે.

સાવલી તાલુકાના ભવાનીપુરા ગામે દીપડા ની અવરજવર ધ્યાને આવી છે તેના પગલે ખેત મજૂરો અને પશુપાલકોમાં ગ્રામજનોમાં



ભયનો માહોલ ફેલાયો છે અને દીપડાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા હાલ ચોમાસાની સિઝન હોય ખેતી માટે પોતાના ખેતરોમાં વાવણી માટે તૈયારી કરતા ખેડૂતો માં ફફડાટ ફેલાયો છે અને પશુપાલકોમાં પોતાના પશુઓને લઈને ચિંતા પેઠી છે ત્યારે વન વિભાગ તાત્કાલિક કાર્યવાહી કરે તેવી ગ્રામજનોની માંગ કરી છે અને દીપડાને પાંજરે પુરવા માટે કાર્યવાહી કરવા ની માંગ ઉઠી છે.

સ્થાનિક આગેવાનોએ ગ્રામજનોને સાવચેતી રાખવાની અપીલ કરી છે.

ખાસ કરીને વહેલી સવારે અને સાંજના સમયે એકલદોકલ ખેતરમાં ન જવા તેમજ બાળકોને પણ એકલા બહાર ન મોકલવા સૂચના આપવામાં આવી છે.

હાલ સમગ્ર વિસ્તારમાં વન વિભાગની કાર્યવાહી પર સૌની નજર મંડાઈ છે.

## સાવલીના પરથમપુરા ગામે ડમ્પરની અડફેટે વૃદ્ધાનું મોત

**ખેતરેથી** ઘરે પરત ફરતી મહિલાને પાછળથી ટક્કર મારી ચાલક ફરાર, સ્થાનિકોમાં રોષ

(પ્રતિનિધિ) સાવલી, તા. 11

સાવલીના પરથમપુરા ગામે રહેતા શારદાબેન ભુપેન્દ્રસિંહ પરમાર ઉંમર આશરે 59 રહે પરથમપુરા પરમાર ફળિયુ તા સાવલી જી વડોદરા પોતાના ખેતરમાંથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે પાછળ થી આવતા ડમ્પર નંબર GJ 06 BX 7818 ના ચાલકે વૃદ્ધાને અડફેટે લીધા હતા અને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચી હતી તેના પગલે શારદાબેન નો ઘટના સ્થળે કમકમાટી ભર્યું મૃત્યુ નિપજ્યું હતું અને ડમ્પર ચાલક ફરાર થઈ ગયો હતો બનાવના પગલે સ્થાનિક લોકો માં ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા સાથે સાથે સાવલી વડોદરા રોડ પર બેફામ અને નશો કરીને તેમજ ઓવરલોડ ચાલતા ડમ્પરો પ્રત્યે સંબંધિત વિભાગ કડક સાથે કાર્યવાહી કરે તેવી માંગ કરી છે.

જ્યારે અકસ્માત ના કારણે માર્ગ પર ટ્રાફિક જામ ના ના દ્રશ્યો સર્જાયા હતા અને વાહનોની લાંબી કતારો જામી હતી ઘટનાની જાણ સાવલી પોલીસ ને થતા ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ટ્રાફિક નિયમિત કર્યો હતો.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**જોઈએ છે**
નામાંકિત ફાઈનાન્સ કંપની માટે જોડાઈ શકે એવા ઉત્સાહી વ્યક્તિ. સંપર્ક કરો. KRUTIK DESAI 9408090363

**દુકાન માટે**
ઉત્સાહી છોકરી (FEMALE) જોઈએ છે. પાર્ટ/ ફુલ ટાઈમ (કોમ્પ્યુટર જાણકાર) શોભન ઈલેક્ટ્રીકલ્સ ગંગેશ્વર મહાદેવ રોડ અડાજણ. ફોન કરવાનો સમય- 11 થી 7. 9904064499

**વાપી ઝંડા ચોક**
વિસ્તારમાં કાપડની દુકાન પૂજા ટ્રેડિંગ કંપની માટે સેલ્સમેન જોઈએ છે. MO. 6353155112

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

ભાડેથી જગ્યા આપવાની છે રોડ નં.-2, સચીન GIDC,માં.
5000 સ્કે. ફીટ, ગ્રાઉન્ડ ફલોર, 5000 સ્કે. ફીટ, પહેલો માળ, ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીઝ અને ડિજીટલ પ્રિન્ટીંગ માટે પણ ઉપયોગી.
દલાલોએ તસ્દી લેવી
96241 07000

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

પ્લોટ ફાયદાથી વેચવાનો છે
આત્મીયવિલા સોસાયટી, કામરેજ
Mo.9925024239

**"મફત કાનુની સહાય"**
"કોર્ટ કચેરી વિના નિ: શુલ્ક સમસ્યાનું સમાધાન મેળવો." અખિલ હિંદ મહિલા પરિષદ સુરત શાખા મો. નં ૯૪૦૯૪-૮૨૬૬૩ (205)

**હિંચકાના કડાં**
તોડફોડ વગર અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટડ ફીટીંગ- 8460222292, 8460222282

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ.1500/- આલીશાન,ભવાનીવડ, હરીપુરા, સુરત.

જોઇએ છે
આર. એમ. ઓ. (લેડી) ગાયનેકના અનુભવીને પ્રેફરન્સ
સિસ્ટર - 2 એ.એન.એમ./જી.એન.એમ./અનુભવી
આયા માસી - 2
ભક્તિ હોસ્પિટલ, ઉધના ગામ સુરત.
9727711567

**સુરત ઘોડદોડ રોડ**
પર પેઈન ગેસ્ટમાં રહેવા જેન્ટ્સ મળો, એસી, જમવાનું, ચા, નાસ્તાની સુંદર સગવડ, 9978867220

**રિનોવેશન, જૂનું મકાન**
તોડી નવું મકાન, પ્લાસ્ટર, કલર, દરેક ભેજ દિવાલ, ટાંકી, વોટર પ્રૂફિંગ, દરેક પ્રકારનું મકાનના ચણતર કામો વ્યાજબી ભાવે કરી આપીશું, 9978867220

મિલ્કત વેચવાની છે

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

10x30 દુકાનો ભાડેથી આપવાની છે
90x110 ફુટનો શેડ ભાડેથી આપવાનો છે
દલાલોએ તસ્દી લેવી
જય રાધે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ (સચીન)
96241 07000

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

**તાકીદે વેચવાનું**
છે 92 વારનું મકાન આનંદ મહાલ રોડ આકર્ષક કિંમત મો 8460227144

**વેચવાનો છે**
ખુલ્લો પ્લોટ, કિમ, નવાપુરા પાટિયા પાસે, Mo: 9157944994

**અરજન્ટ**
ફુલી ફર્નિસ ફ્લેટ વેચવાનો છે. 1405 Sq.ft ગેલેક્ષી એન્કલેવ જલારામ મંદિરની સામે, ગ્રીન સીટી રોડ પાલ સુરત. M- 9825092156 (206)

પાલમાં ઓફીસ તથા દુકાન વેચાણથી આપવાની છે.
380ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, પહેલા માળે, ગેલેક્ષી સર્કલ પાસે
460ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, ગ્રાઉન્ડ ફ્લોર, નિસલ સર્કલ પાસે
9712979399

**ખેડૂત બની શકે**
તેવો નાનો ટુકડો (જમીન) વેચવી છે વાંઝણા ગામ, ખારેલ ચોકડી નજીક, ચીખલી પાસે, 7/12 વાળા, 9763718010, 9374718010

**પ્લોટ વેચવાનો છે**
કીમ, કુરસદ, નેશનલ હાઈવે 8થી અડધો કિલોમીટર અંદર, અમૃત ઈન્ડસ્ટ્રીઝ, સ્વામીનારાયણ મંદિર પાછળ, 1550- વાર, 9427811344, 9879913894

જમીન વેચવાની છે
ભરૂચ-વડોદરા જિલ્લામાં જમીન વેચાણ કેમિકલ ઝોન, રેડઝોન, ફાર્મા, તથા બલ્ક ડ્રગ લાયક જમીન
1500000/- લાખ SqFt.
Rs. 130/- Per SqFt.
N.A. NOC. ECP
ચેનલ સાથે બ્રોકર
9408437720

**જહાંગીરપુરા**
સંકલ્પ રો હાઉસમાં ઘર વેચવાનું. 9601662923

**અડાજણમાં**
પોષ લોકેશનમાં મહીને બે લાખ આવક આપતી દુકાન વેચવાની 700 સુપર બીલ્ડઅપ 1.75 CR. 91576-22115

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**ક્ષેત્રપાળ ટૂર્સ**
(ચોક્કસ ઉપડશે. સ્લીપર બસ દ્વારા) (પાંચ જ્યોતિર્લિંગ, અષ્ટવિનાયક 04-08, 05-09, 27-09) (કલકતા , ગંગાસાગર, જગન્નાથપુરી 10-09, 12-11)(કોલ્હાપુર, મહાલક્ષ્મી, ગોવા, ગણપતિપુલે, મહાબળેશ્વર 27-09) (હૈદરાબાદ, મલ્લિકાર્જુન, રામેશ્વર, તિરૂપતિ 15-08) (ફક્ત હૈદરાબાદ, શ્રીશૈલમ 10-09) (નેપાળ, પોખરા, કાઠમંડુ, વારાણસી 06-09, 13-11) (અયોધ્યા, વારાણસી, બૌધગયા, બૈજનાથ, ઝારખંડ 26-09) (સ્પેશિયલ કેરાલા 05-11, 11-11, 14-11) (દિવાળી વેકેશન બુકિંગ ચાલુ) સુરેશભાઈ પુરોહિત. 9825105053.

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
રેલ્વે દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યન્મૌત્રી, ગંગૌત્રી, સાથે હરિદ્વાર, ચોક્કસ ઉપડશે. તારીખ- 15/8, 9/9, 22/9, 6/10 (2) દક્ષિણ ભારત, શ્રીશૈલમ જ્યોતિંલીગ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, વિગેરે. તારીખ- 15/9, દિવસ- 12. (3) જગન્નાથપુરી, કલકત્તા, ગંગાસાગર, કામાખ્યાદેવી. તારીખ- 25/9, દિવસ- 11 (4) બનારસ, અયોધ્યા, નેપાળ, પ્રયાગરાજ. તારીખ- 25/9, દિવસ- 10. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો: દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934. નોંધ- દિવાળી પ્રવાસોનું બુકીંગ શરૂ થઈ ગયું છે.

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*